તમે બાળકને માત્ર સ્વતંત્ર રીતે ચાલવાનું શીખવો, દોડવાનું તો તે જાતે જ શીખી જશે
- ઇમર્સન

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૨૬ | ૬ એપ્રિલ ૨૦૧૨, શુક્રવાર, ચૈત્ર સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

ગાંધીનગર જિલ્લાનાં ૬૫ ગામોમાં ૧૫મીએ મતદાન

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં ૧૮ ગ્રામપંચાયતો સમરસ થતાં હવે ૬૫ ગ્રામપંચાયતોમાં આગામી ૧૫મી એપ્રિલના રોજ મતદાન યોજાશે. જેમાં ૮૭૨ ઉમેદવારોના ભાવિ મતદારો ઈ.વી.એમ. દ્વારા લખશે.

પંચાયતની બીજા તબક્કાની ચૂંટણીઓ જે યોજાવાની છે તેમાં કલોલ તાલુકાના ૩૮ ગામ, માણસાના ૨૦, દહેગામના પાંચ અને ગાંધીનગર તાલુકાના બે ગામોનો સમાવેશ થાય છે.

પ્રાપ્ત થયેલ વિગતો મુજબ જે ૧૮ ગામ સમરસ થયા છે તેમાં કલોલ તાલુકાના ૯, માણસાના ૭ અને દહેગામના બે ગામોનો સમાવેશ થાય છે. આ ગ્રામપંચાયતના ૧૫૦ વોર્ડ પણ બિનહરિફ થવા પામ્યા છે. જો કે બીજા તબક્કાની આ ચૂંટણીમાં કુલ ૩૦૨ વોર્ડ બિનહરીફ થવા પામ્યાના અહેવાલો સાંપડ્યા છે.

પંચાયતના આ ચૂંટણી જંગમાં વોર્ડના ૬૮૯ ઉમેદવારો અને ૧૮૩ સરપંચના ઉમેદવારોમાંથી કુલ ૮૭૨ ઉમેદવારો વચ્ચે આ ચૂંટણીજંગ ખેલાશે.

આ ચૂંટણીમાં ૨૪ પંચાયતોના સરપંચો પણ બિનહરિફ ચૂંટાઈ આવ્યા છે. જેમાં કલોલ તાલુકામાં ૬ ગ્રામ પંચાયતના સરપંચ બિન હરિફ ચુંટાયેલા જાહેર થયા છે.

આ ચૂંટણીમાં સૌથી વધુ ચોંકાવનારી હકીકત એવી પણ બહાર આવી છે કે ૪૩ વોર્ડમાં એક પણ ઉમેદવારે ઉમેદવારી નોંધાવી નથી.

જિલ્લામાં જે ૪૩ વોર્ડમાં ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી નથી તેમાં ૨૬ વોર્ડ અનુ. જનજાતિના ઉમેદવારો માટે અનામત રખાયેલી બેઠકોનો સમાવેશ થાય છે.

જે ૩૦૨ વોર્ડ બિનહરિફ થયા છે તેમાં કલોલના ૧૬૮ વોર્ડ, માણસાના ૧૧૮ દહેગામના ૧૮ અને ગાંધીનગરના એક વોર્ડનો સમાવેશ થાય છે.

જે ગામો સમરસ થયા છે તેમાં કલોલ તાલુકાના અલુવા, પલસાણા, ઉસ્માનાબાદ, શોભાસણ, ઉનાલી, ઓળા, પ્રતાપપુરા, વાંસજડા, છનાવાડનો સમાવેશ થાય છે. માણસા તાલુકાના પુંધરા, રિદ્રોલ, દેલવાડ, અમરાપુર, પાલડીવ્યાસ, હરણોહોડા, ઉમીયાનગરનો સમાવેશ થાય છે. જ્યારે દહેગામ તાલુકાના લિહોડા અને લામાજીના મુવાડા ગામનો સમાવેશ થાય છે.

કલોલના ૩૮, માણસાના ૨૦, દહેગામના ૫ અને ગાંધીનગરના બે ગામોમાં ૮૭૨ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાશે

શ્રી ગુરૂચરન સરોજરજનિજમન મુકુર સુધારી ॥
બરનઉ રઘુવર બિમલ યશ જો દાયકુ ફલ ચારી ॥
બુદ્ધિ હિન તનુ જાનીકે સુમીરો પવન કુમાર
બલ-બુદ્ધિ-વિદ્યા દેહુ મોહિ હરહુ કલેશ વિકાર

ગાંધીનગરના નવ બ્લોકમાં જાતિ આધારિત વસતી ગણતરીની કામગીરી હજુ પડતર

એક સપ્તાહમાં કામગીરી પૂર્ણ કરવા કલેકટરે કરેલી તાકીદ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લામાં જાતિ આધારિત વસ્તી ગણતરીની કામગીરી એક સપ્તાહમાં સંપન્ન કરવા માટે આજે જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપે કડક તાકીદ કરી છે.

આજે તેમણે આ અંગે યોજેલી સમીક્ષા બેઠક દરમિયાન ધ્યાને આવ્યું હતું કે ગાંધીનગર તાલુકાના ૯ બ્લોકમાં ગણતરીની કામગીરી હાલ બાકી છે. આ કામગીરી ત્રણ દિવસમાં જ સંપન્ન કરવા માટે તેમણે તકદ તાકીદ કરી હતી.

આજે આ ગણતરી માટેના ચાર્જ ઓફિસરોને તેમણે કેટલાક બ્લોકોની ગણતરીના કેટલોગીંગની કામગીરીમાં રહેલી ક્ષતિઓ બાબતે પણ ધ્યાન દોરી અને તે તાકીદે સુધારી લેવા તેમજ વિગતો બરાબર રીતે ચકાસી લેવા માટે જણાવ્યું હતું.

જિલ્લા કલેકટરશ્રીએ જાતિ આધારિત વસ્તી ગણતરીનું કામ ઝડપથી પૂર્ણ થાય અને તે માટેની પૂરેપૂરી ચોકસાઈ રાખવા માટે પણ અધિકારીઓને જણાવ્યું હતું.

પહેલીવાર જાતિ આધારિત વસ્તી ગણતરી હોવાની સાથે સાથે આર્થિક ગણતરી પણ સાંકળવામાં આવી હોવાથી ક્ષતિઓ રહેવા પામી હોવાની રજુઆત અધિકારીઓએ કરી હતી. જો કે તાકીદે આ ક્ષતિઓ સુધારી લઈ અને આખી કામગીરી એક સપ્તાહમાં પૂર્ણ કરી દેવાની ખાતરી પણ આપી હતી.

ગરમીમાં આંશિક ઘટાડો

આગામી બે દિવસ દરમિયાન ગરમીમાં સામાન્ય ઘટાડો થશે : ઝાડા ઉલ્ટીના કેસોમાં ધરખમ વધારો નોંધાયો છે

અમદાવાદ, તા.૫

સમગ્ર રાજયમાં અઠવાડિયાથી શરૂ થયેલી કાળઝાળ ગરમીમાં આજે સામાન્ય ઘટાડો થયો હતો. જેના કારણે લોકોને સામાન્ય રાહત મળી હતી. જોકે, બપોરના સમયે ફૂંકાયેલા ગરમ પવનને કારણે લોકોને ગરમીનો અહેસાસ થયો હતો. આ ઉપરાંત આજે ગઈ કાલની સરખામણીમાં ભેજનું પ્રમાણ વધતાં લોકોને અસહ્ય બફારો સહન કરવો પડ્યો હતો. ત્યારે હવામાન વિભાગ વિભાગ દ્વારા આગાહી કરતા જણાવ્યું છે કે, આગામી બે દિવસ દરમિયાન ગરમીમાં સામાન્ય ઘટાડો થશે જો કે તાપમાનનો પારો ૪૦ ડિગ્રીની આસ-પાસ રહેશે. સતત પડી રહેલી ગરમીના કારણે ઝાડા-ઊલટીના કેસોમાં પણ ધરખમ વધારો થવા પામ્યો છે. તો બીજી તરફ લૂ લાગવાના કિસ્સામાં પણ મહદઅંશે વધારો થયો છે. ગઈ કાલની સરખામણીમાં આજે રાજ્યનાં મોટા ભાગનાં શહેરોના તાપમાનમાં એકથી બે ડિગ્રી જેટલો ઘટાડો નોંધાયો હતો.

પ્રભુ ઈસુના પુનરુત્થાનના દિવસ તરીકે જેને ઉજવવામાં આવે છે તે ગૂડ ફ્રાઈડેની પૂર્વ સંધ્યાએ બાળકોએ ઈસુ અંગેના એક સાંસ્કૃતિક કાર્યક્રમનું રિહર્સલ કર્યું હતું.

ટાઈમ પોલમાં ગુજરાતના મુખ્યમંત્રી મોદી ટોપ ઉપર

નવી દિલ્હી,તા. ૫

દુનિયાની ૧૦૦ પ્રભાવશાળી હસ્તીઓની યાદી તૈયાર કરવા માટે ટાઈમ મેગેઝિન તરફથી કરવામાં આવી રહેલા ઓનલાઈન પોલમાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ લાંબો કુદકો લગાવીને પ્રથમ ક્રમાકે પહોંચી ગયા છે. ૫ ૨૦૧૨ ટાઈમ ૧૦૦ પોલમાં રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન અને અમેરિકાના પ્રમુખ બરાક ઓબામાં નરેન્દ્ર મોદી કરતા ખૂબ પાછળ રહી ગયા છે. આ પોલમાં દુનિયાભરના જાણીતા નેતા, વિચારકો, ઉદ્યોગસાહસિકો , કલાકારો અને પ્રોફેશનલ લોકોને સામેલ કરવામાં આવ્યા છે. મેગેઝિન દરેક હસ્તીના પરિચયની સાથે એક પ્રશ્ન પૂછે છે આ હસ્તીને ૨૦૧૨ની દુનિયાની ૧૦૦ હસ્તીઓની યાદીમાં સામેલ કરવા જોઈએ કે કેમ તેવો પ્રશ્ન કરવમાં આવ્યો છે. આમા યસ અને નો ના વિકલ્પ હોય છે. ગુરુવારે ૧૧ વાગે સુધી મોદી ૧૬૬૮૦૦ યસ અને ૬૩૪૩૩ નો વોટની સાથે પોલમાં પ્રથમ સ્થાને હતા. ત્યારબાદ બીજા

પોલમાં કોણ ક્યાં...

નામ	યસ વોટ	નો વોટ
નરેન્દ્ર મોદી	૧૬૬૮૦૦	૬૩૪૩૩
ઈરીક માર્ટીન	૧૨૪૯૯૮	૪૨૫૬૦
અસગર ફરહાદી	૧૦૭૧૯૪	૧૭૪૬૮
ઈમરાન ખાન	૮૧૦૬૪	૧૭૭૮૯
રોન પોલ	૬૬૨૧૯	૧૪૬૮૧
બેનેડીક્ટ કુમ્બરબેચ	૬૪૬૧૮	૧૧૧૯૮
જર્મીલીન	૬૨૯૯૩	૬૫૮૮

● અનુસંધાન પાન-૭ પર